લેખકના ધ્રુવપદ સમાં ભાસે છે.

એક વાર્તાનું નામ છે 'અમારો સંબંધ – એક ભરમકથા', 'ભક્ષ્ય'ની ભયકથાની જેમ આ વાર્તાનું કપોલકલ્પિત – ફેન્ટસી – આપણું વિશેષ ધ્યાન ખેંચે છે. અહીં પણ આરંભે કથાનાયક કહે છે. 'મારી પાછળ કોઈ રાની પશુ પડ્યું હોય તેવો ભાસ ગાઢ અંધકારમાં મને થયો.' ભયનો માર્યો નાયક ઘરમાં પેસે, એને 'ચિતભરમ' જેવું થાય, ભીંત પર ટાંગેલ છબી નજરે પડે અને – 'ઊખડી ગયેલ રંગોની રંગોળી ચારે ભીંતે ગરોળી માફક ઠેકતી, સરકતી, અટકતી દેખાયા કરે.' પછી ભીંતે ટાંગેલ પરિવારની છબીમાંથી કલ્પિત કથા ફૂટતી રહે. આ છબીમાં પુરાયેલાં પાત્રોની કથામાં ભાવકે જરા ધ્યાનપૂર્વક પ્રવેશવા જેવું –

'પ્રા૦કથિત'ની વાર્તાઓમાં મોજે લટારતાં અહીં મેં થોડી વાત માંડી. હવે એ વાતને આટોપતાં 'ભ્રમણ ભરમકથા' (આ એકસમાન લાગતાં શીર્ષકો તરફ ભાવકનું ધ્યાન જાય જ)ની વાત જરા કરી લઉં. એમાં આવતા પંતુજીની વ્યથા જુઓ. 'પોથી માંહેના બધા મૂળાક્ષરો પાનેપાનેથી છૂટા પડી રાખોડી ઢગ પર ઘડીક આળોટતા, તો ઘડીક ત્યાં દોટ મૂકી દોડતા ભાળ્યા. આ અનૂ-અર્થથી છેક જ્ઞ કોઈનો નહીં સુધીના બધા અક્ષરો ગોળ કૂંડાળા ફરતે ઘૂમી રહેલા પંતૂજીને જણાયા.' વાર્તાના ગોળ કૂંડાળા ફરતે ઘૂમી રહેલા મૂળાક્ષરો એ આ કથાકારની મૂડી છે. આ જ વાર્તામાં આગળ કહેવાયું છે. 'કાળી શાહી વલોવાઈ ઘટ્ટ બની આંખોમાં એક ટપકું થઈ જામી ગઈ.' આ વાર્તાઓમાં કોઈને આમ આંખોમાં ટપકું થઈ જામી ગયેલી પીડાની શાહી ઓગળતી-પ્રસરતી અનુભવાય તો નવાઈ નહીં.

આ વાર્તાઓ વાંચતાં એવું લાગે કે આધુનિકતાના પ્રબળ પ્રવાહ વચ્ચે આ લેખકની કલમ પાંગરી છે. વિસંગતિ, વિદ્રોહ, આપઓળખની મથામણ આદિનું નિરૂપણ એમાં બળકટ રૂપે થતું દેખાય છે. પરંતુ આ પ્રવાહો નગર-સંસ્કૃતિને બદલે ગ્રામ-સંસ્કૃતિમાંથી બલકે ગ્રામ-પ્રદેશના ભરચક સંવેદન સાથે નગરનિવાસની મૂંઝવણો અને ગતાનુગતિક ગૂંગળામણમાંથી પ્રકટ થતા દેખાય છે.

હા, વર્તમાન ગુજરાતી વાર્તાઓના સંદર્ભે આ વાર્તાઓને મૂલવવા જતાં એની વિલક્ષણ શૈલી અને સંદિગ્ધ ભાવલોક સુજ્ઞ ભાવકને મૂંઝવે એવું બને.

એમ કહેવાનું મન થાય છે કે કાગળ પર ઊતરતા અક્ષરો સાથે આ લેખકનું લક્ષ્ય તો જાણે મન સાથે મથામણ કરવાનું – એમની લઢણમાં કહીએ તો મનનું મન – ન કરવાનું અને માનવસ્વભાવની ગલીકૂંચીઓમાં ઘૂમવાનું છે.

□

**૧. શેરીનાટકનું સ્વરૂપ અને રાજનૈતીક સંસ્કૃતી**
**૨. સ્ટ્રીટ થીએટર – હીરેન ગાંધી**

*બંનેના પ્રકાશક : દર્શન, ૧૭બી, વિશ્વનગર, જીવરાજ પાર્ક, અમદાવાદ, ૨૦૧૩. પૃ. (અનુક્રમે) ડે. ૧૨૪ અને ૭૬, રૂ. પ્રત્યેકના ૫૦.*

## શેરી નાટક અને શેરી રંગભૂમિની સાચી સમજ આપતાં બે પ્રમાણભૂત પુસ્તકો

**મહેશ ચંપકલાલ**

પ્રતિબદ્ધ સાંસ્કૃતિક કર્મશીલ, નાટ્યલેખક, દિગ્દર્શક, ચિંતક અને તાલીમકર્તા એવા હિરેન ગાંધી છેલ્લા કેટલાય દાયકાથી શેરીનાટક અને રંગભૂમિ સાથે પ્રગાઢપણે સંકળાયેલા છે. નાટક અને પત્રકારત્વ બંનેમાં સમાનપણે પ્રશિક્ષિત એવા હિરેન પાસેથી *ઇતિહાસની બીજી બાજુ*, *રાજપરિવર્તન*, *મારીચ-સંવાદ*, *સૂનો નદી ક્યા કહતી હૈ*, *ઘર એક સપના* અને *હમ* જેવાં મહત્ત્વનાં તખ્તા માટેનાં નાટકોની સાથે માણસજાત-*માણસજાત*, *જીવતરના વેપારને રોકો*, *દિલમાં છે એક આશ*, *ઐસા ક્યોં*, *ઘિરે હૈ હમ સવાલ સે*, *ફિરભી* જેવાં મહત્ત્વનાં ખુલ્લા મંચ માટેનાં નાટકો આપણે પ્રાપ્ત થયાં છે. તેઓ થિયેટર સેન્સરશીપ, આધુનિક ગુજરતી રંગભૂમિ અને શેરી નાટ્યસ્વરૂપ વિશે પ્રાદેશિક તેમજ રાષ્ટ્રીય સામયિકોમાં અવારનવાર લખતા રહ્યા છે અને *સંવેદન સાંસ્કૃતિક મંચ*, *દર્શન*, *ઇન્ડિયન સોશિયલ એકશન ફોરમ* (ઇન્સાફ) અને *ન્યૂ સ્પેશિયાલિસ્ટ ઈનિશિયેટીવ* (એન૦ એસ૦ આઈ૦) જેવાં સ્થાનિક અને રાષ્ટ્રીય સંગઠનો સાથે સક્રિયપણે સંકળાયેલા રહ્યા છે.

લગભગ બે દાયકા અગાઉ સુરતના ગુજરાતી દૈનિક 'નવગુજરાત ટાઈમ્સ'માં સાપ્તાહિક ધોરણે ચાલતી થિયેટર કૉલમના એક ભાગરૂપે તેમણે શેરીનાટક વિષે જે લેખશ્રેણી આપેલી તે *શેરીનાટકનું સ્વરૂપ અને રાજનૈતિક સંસ્કૃતિ* એ શીર્ષકથી હવે પુસ્તકરૂપે પ્રગટ થઈ છે એ ખરે જ એક મહત્ત્વની સાંસ્કૃતિક ઘટના છે. શેરીનાટક એક અત્યંત અસરકારક અને સશક્ત નાટ્યસ્વરૂપ છે. તેમ છતાં ગુજરાતી ભાષામાં શેરીનાટકની સાદ્યંત ચર્ચા કરતું એકપણ પુસ્તક આજદિન સુધી પ્રકાશિત થયું નથી. નાટકનું પ્રશિક્ષણ આપતી સંસ્થાઓના અભ્યાસક્રમમાં પણ તેને જોઈએ એવું સ્થાન પ્રાપ્ત થયું નથી. શેરીનાટ્ય વિષે ઘણા શિબિરો યોજાય છે ને મુખ્યત્વે ગ્રામીણ કે શહેરી ગરીબ વિસ્તારોમાંના શોષિત-પીડિત અનેક યુવક યુવતીઓ તેમાં ભાગ લઈ પ્રશિક્ષિત થતાં હોય છે. દેશભરમાં શેરીનાટકો અન્ય નાટકોના પ્રમાણમાં સૌથી વધુ ભજવાય છે. આમ છતાં શેરીનાટકના ઇતિહાસ, સ્વરૂપ અને લાક્ષણિકતાઓ વિશે વિશદ છણાવટ કરતું એકેય પુસ્તક ન હતું ત્યારે હિરેન ગાંધી પાસેથી શેરીનાટક વિશે આ પ્રમાણભૂત પુસ્તક પ્રાપ્ત થયું છે એની સહર્ષ નોંધ લેવી ઘટે.

હિરેન સ્પષ્ટપણે માને છે કે શેરીનાટક એ કેવળ શેરીમાં ભજવાતું નાટક નથી પણ રાજનૈતિક, સામાજિક-સાંસ્કૃતિક પરિવર્તન માટેનું એક સશક્ત, અસરકારક અને પરિણામલક્ષી નાટ્યસ્વરૂપ છે, સાધન છે, હથિયાર છે જેનું લક્ષ્ય પ્રેક્ષકોને ઉશ્કેરવાનું અને આંદોલિત કરવાનું છે, પણ દુર્ભાગ્યે ભવાઈની જેમ શેરીનાટકને આજે પ્રચારનું એક સાધન બનાવી દેવામાં આવ્યું છે – પછી એ કોર્પોરેટ સેકટરના 'બ્રાંડીંગ'નો પ્રચાર હોય, ઉત્પાદનોના વેચાણ માટેનો પ્રચાર હોય, સરકારી નીતિઓ, યોજનાઓનો પ્રચાર હોય, બિનસરકારી કે સ્વૈચ્છિક સંસ્થાઓની નીતિઓ, કાર્ય યોજનાઓનો પ્રચાર હોય કે પછી રાજકીય પક્ષોનો મત મેળવવાનો પ્રચાર હોય. આને કારણે શેરીનાટકની સાચી ઓળખ ભૂંસાતી જાય છે. એટલે જ હિરેન, પુસ્તકના પ્રથમ પ્રકરણમાં શેરી નાટક વિષેના ભ્રામક ખ્યાલો દૂર કરી, શેરી નાટકની સાચી પરિભાષા આપતાં લખે છે. 'શેરીનાટક એટલે... નાટ્યસ્વરૂપની દૃષ્ટિએ જોઈએ તો સામે ચાલીને પ્રેક્ષકો પાસે જતું અને એમની વચ્ચોવચ્ચ ભજવાતું નાટક, કલાસ્વરૂપની દૃષ્ટિએ સામૂહિક કલાનું જીવંત સ્વરૂપ, અનુભૂતિ સંદર્ભે પ્રેક્ષકને હસાવવા, રડાવવા કે ચિંતનની પ્રક્રિયામાં મૂકવા કરતાં વધારે એને પીડવા, પડકારવા અને સંચારિત કરવા ધસતું નાટક, સમૂહ-સંચારના માધ્યમ તરીકે સીધું, સોસરું, સસ્તું અને જનતા માટે સાવ હાથવગું માધ્યમ, વળી સાહિત્યિક પરિભાષામાં કહીએ તો ઉપર આભ અને નીચે ધરતી વચ્ચે ખેલાતું અને છેલ્લે ઐતિહાસિક સંદર્ભમાં આધુનિક વ્યવસ્થાની વર્ગીય ચેતનાઓ વિકસાવેલું સમાજવાદી શસ્ત્ર' (પૃ૦ ૧૨). (લેખકે સમગ્ર પુસ્તિકાનું લખાણ ઊંઝા પરિષદે ઠરાવેલ જોડણી પ્રમાણે પ્રકાશિત કર્યું છે પણ મેં અહીં એમાંનાં અવતરણો માન્ય જોડણીમાં ફેરવીને મૂક્યાં છે. –મ૦) શેરીનાટકની આવી બહુઆયામી અને સર્વગ્રાહી પરિભાષા તેના પાયાગત બુનિયાદી સ્વરૂપને આપોઆપ સ્પષ્ટ કરી આપે છે. પ્રકરણના અંતે શેરીનાટકના મૂળ અને કુળ વિષે વાત કરતાં હિરેન જણાવે છે, 'ઔદ્યોગિક ક્રાંતિ શેરી નાટકની જન્મદાતા છે અને મૂડીવાદી વિકાસે માનવજીવનમાં સર્જેલા આંતરવિરાધોએ વિકસાવેલી માનવચેતના એના મૂળમાં છે અને એથી જ એ પરિવર્તનનું સાધન છે – શસ્ત્ર છે.' (પૃ૦ ૧૬) ભારતમાં શેરી નાટકનું આગમન ઈ૦ સ૦ ૧૯૪૦ની આસપાસ સંઘર્ષના સાંસ્કૃતિક શસ્ત્ર તરીકે થયું છે અને તે પણ ભારતીય સામ્યવાદી પક્ષો *'ઈપ્ટા'* અને *'પીડબલ્યુએ પ્રોગ્રેસીવ રાઈટર્સ એસોશિયેશન'*ના માધ્યમથી! પાંચમા દાયકાની શરૂઆતમાં ઈપ્ટાએ દેશભરમાં શેરીનાટકનું આંદોલન ચલાવેલું અને બલરાજ સહાની અને જશવંત ઠાકર જેવા મહાન રંગકર્મીઓ તે વખતે તેની સાથે સક્રિયપણે જોડાયેલા હોવાનું હિરેને પુસ્તકના બીજા પ્રકરણમાં શેરી નાટકના વિકાસનો ઐતિહાસિક ક્રમ આપતી વેળા જણાવ્યું છે. જો કે આઝાદીની ચળવળ દરમિયાન જનતાના વિદ્રોહને વાચા અને ગતિ આપવા માટે આણવામાં આવેલા સંઘર્ષનું આ શસ્ત્ર – શેરીનાટક – સમય જતાં સંઘર્ષના અભાવે સુષુપ્ત અવસ્થામાં ધકેલાઈ ગયું, પણ ઇન્દિરા ગાંધીએ ૧૯૭૪માં કટોકટી લાદી એ સાથે જ સમગ્ર દેશમાં સંઘર્ષનાં મંડાણ થયાં ને શેરીનાટકોનો તેનો અસલ ગુણધર્મો સાથે પુનર્જન્મ થયો એવું હિરેને નોંધ્યું છે (પૃ૦ ૨૪). શેરીનાટક રંગભૂમિ કરતાં વધારે તો સામાજિક-

રાજકીય પ્રવાહો, ચેતના અને સંઘર્ષનું માધ્યમ હોવાને લીધે તેના માધ્યમ ઉદ્ભવ, વિકાસ અને ઉપયોગિતાની ગતિવિધિને સદાય સામાજિક-રાજકીય ગતિવિધિઓના સંદર્ભે મૂલવવામાં આવે છે ને એટલે જ આવી ગતિવિધિઓના અભાવે આઠમા દાયકામાં ઈબ્રાહિમ અલ્કાઝી, ગિરીશ કારનાડ, બી૦ વી૦ કારંથ, બાદલ સરકાર, મોહન રાકેશ, વિજય તેન્ડુલકર, એમ૦ કે૦ રૈના, સત્યદેવ દૂબે, અમોલ-અનુયા પાલેકર, મનોહરસિંહ, સુરેખા સિક્રી જેવા મહારથીઓ નાટ્યરસિકોના દિલોદિમાગમાં છવાઈ ગયા હોવા છતાં તેમનાં નાટકો શહેરી વર્ગના અમુક ચોક્કસ નાનકડા જૂથને જ પોતાનું દર્શકવૃંદ બનાવી શક્યાં ને આમજનતા સુધી પહોંચી ન શક્યાં. પણ નવમા દાયકામાં દેશમાં આવેલ સામાજિક રાજકીય પ્રવાહોની ભરતી અને મુખ્યત્વે એ દરમિયાન માથું ઊંચકી રહેલાં પ્રત્યાઘાતી પરિબળો, ફાસીવાદી પરિબળો તથા તેમની સામે આકાર પામી રહેલી નવજાગૃતિને લીધે શેરીનાટકોનો જુવાળ આવ્યો જેમાં મુખ્યત્વે પંજાબ, કોમવાદ, માનવ અધિકારી અને શ્રમિકવર્ગ-ની સમસ્યાઓને ખાસ્સી અસરકારક રીતે અને પ્રગતિશીલ મૂલ્યો સાથે રજૂ કરવામાં આવી. એ જ પ્રમાણે મહિલાજાગૃતિ, સ્ત્રી-પુરુષ સમાનતા, દલિતચેતના અને શોષિત-પીડિત વર્ગની એકતા જેવા નવજાગૃતિના મુદ્દાઓનો પણ શેરી નાટકોએ ખાસ્સો પ્રચાર-પ્રસાર કર્યો. હિરેને નવમા દાયાકમાં આવેલા શેરીનાટકોના આ જુવાળને તેના ઐતિહાસિક સંદર્ભમાં સરસ રીતે મૂલવી આપ્યો છે. પુસ્તિકાના ત્રીજા પ્રકરણમાં શેરીનાટકના સ્વરૂપને અને તેની લાક્ષણિકતાઓને સ્પષ્ટ કરી આપવામાં આવી છે. અહીં હિરેને એક વાત દઢપણે રેખાંકિત કરી આપી છે ને તે એ કે શિષ્ટ-રંગભૂમિ અને લોક-રંગભૂમિ – આ બંને પ્રકારની રંગભૂમિઓનો મૂળભૂત ઉદ્દેશ જન-મનોરંજન અને કલા-અભિવ્યક્તિનો છે. જ્યારે 'થર્ડ થિયેટર' એવા આ શેરી નાટકનો મૂળભૂત ઉદ્દેશ વર્ગીય ચેતના વિકસાવવાનો, ગરીબોને-શોષિતોને ક્રાંતિ તરફ દોરી જવાનો છે અને તેથી જ એના સ્વરૂપ અને વ્યાકરણના નિયમો થોડા અલગ પડે છે. (પૃ૦ ૩૬) *જન નાટ્ય મંચ (જનમ)*ના કાર્યકર્તાઓએ સફદર હાશમીના લેખો પરથી તથા પોતાના નાટ્યજૂથોના અનુભવોને ખપમાં લઈ શેરીનાટકો વિશે જે તારણો આપ્યાં તેના આધારે હિરેને તેની સ્વરૂપગત વિશેષતાઓ સ્પષ્ટ કરી આપી છે. જેમ કે, શેરીનાટકમાં ચટાકેદાર સંવાદોને, નાટ્યકાર અને સમગ્ર નાટ્યજૂથના ફૂંફાડા મારતા આક્રોશને, સત્તાધારીઓ અને મહારથીઓની જોરદાર અને દિલધડક ઢબે ઉડાવવામાં આવેલી તીરીને ક્રાંતિકારી રૂપ આપવું અતિ મહત્ત્વનું છે. તેવી જ રીતે કોઈ એક ખાસ મુદ્દા પર એકાદ-બે ચોટદાર મેટાફર્સ-રૂપકોના આધારે એક નક્કર માળખું ગોઠવવામાં આવે એ આવશ્યક છે. શેરી નાટકની શરૂઆત અતિ નાટકીય, વિસ્ફોટક અને ચોંકાવનારી હોય તે જરૂરી છે, કે જેથી પ્રેક્ષકોનું ધ્યાન ખેંચાય અને તેમને નાટક જોવા મજબૂર કરે. શેરીનાટકમાં સંવાદો લાંબા અને વજનદાર નહીં પણ ટૂંકા, સરળ અને ધારદાર હોવા જોઈએ ને નાટકનો પ્લોટ ઝડપથી વિકાસ પામતો હોવો જોઈએ, કે જેથી પ્રેક્ષકને પ્રત્યેક પળે કૈંક નવું પામવા મળે. સંગીત એ શેરીનાટકનું એક મૂળભૂત તત્ત્વ છે. એમાં પણ ઢોલક, કરતાલ, ડફલી અને ઝાંઝ પ્રકારનાં તાલવાદ્યોનો – તેમના સ્વર જ દૂર સુધી પહોંચી શકતા હોવાને લીધે – વ્યાપકપણે ઉપયોગ થાય છે. શેરી નાટકોમાં ગીતો કથાના બે ભાગને જોડવા ઉપરાંત કથાના 'સંવાદ'-બીજને ઉપસાવતાં પણ હોય છે. શેરી નાટકોમાં રજૂ થતો અભિનય 'સૂક્ષ્મ' પ્રકારનો નહીં પણ સ્ટાઈલાઈઝ્ડ અને અતિરંજિત (લાઉડ) પ્રકારની એકશન-ક્રિયાઓ રજૂ કરે તેવો હોવો આવશ્યક છે. શેરીનાટકમાં પ્રેક્ષકો ચોતરફ હોવાના કારણે કોઈ પણ સ્થાન-સ્થિતિ સંરચના કે મુવમેન્ટ અલગ અલગ જગ્યાના પ્રેક્ષકો દ્વારા અલગ અલગ ખૂણેથી જોઈ શકાય તેવાં હોવા જોઈએ. શેરીનાટકનાં આવાં અનેક વ્યાવર્તક લક્ષણો હિરેને આ પ્રકરણમાં સચોટ રીતે ઉપસાવી આપ્યાં છે. શેરી નાટકને આંદોલન સાથે સીધો નાતો હોવાથી તથા એ અનેક પ્રશ્નોને શેરી વચ્ચે લઈ જતાં હોવાથી એના માધ્યમ વડે ચર્ચાઓ થવી અનિવાર્ય છે, એવું એમણે સૂચકપણે નોંધ્યું છે. વળી, શેરી નાટકની પણ પોતાની આગવી સૌંદર્ય-અનુભૂતિ છે, તે દઢપણે પ્રસ્થાપિત કરી આપ્યું છે. પ્રકરણના અંતે હિરેનનું એક મહત્ત્વનું અવલોકન પ્રાપ્ત થાય છે – 'શેરીનાટકને સામાજિક આંદોલન સાથે પરસ્પરનો જીવંત અને સીધો સંબંધ છે. આંદોલનની ગેરહાજરીમાં એનું અસ્તિત્વ શક્ય નથી. જો આ

નાટ્યસ્વરૂપની આ લાક્ષણિકતાને યોગ્ય રીતે સમજી શકીએ તો જ એનો સાર્થક અને અસરકારક ઉપયોગ કરી શકીએ. મિત્રો, આપણે ત્યાં ખાસ કરીને ગુજરાતમાં શા માટે શેરી નાટકો ઓછાં થાય છે તથા જે થાય છે તે પણ નોંધપાત્ર અસર કેમ નથી નીપજાવી શકતાં, એનાં કારણોનો વિચાર કરતી વખતે એ નાટ્યસ્વરૂપની આ મહત્ત્વની લાક્ષણિકતાને કેન્દ્રમાં રાખી વિચારી જોજો. ખૂબ જરૂરી છે.' (પૃ૦ ૪૩-૪૪) પુસ્તિકાના ચોથા પ્રકરણમાં હિરેને શેરીનાટક સામેના વર્તમાન પડકારોને વાચા આપી છે. સૌથી પહેલો પડકાર એ કે શેરીનાટક આજે 'પ્રયોગધર્મીઓ' અને 'સમાજધર્મીઓ'નાં કુડાળાં વચ્ચે ઝોલાં ખાય છે. આજના મોટાભાગના પ્રયોગધર્મી રંગકર્મીઓની પ્રતિબદ્ધતા પ્રજા કે ક્રાંતિકારી પરિબળો સાથે નહીં પરંતુ પ્રયોગશીલ રંગભૂમિ પરત્વે છે. આ પ્રયોગધર્મીઓ શેરી નાટકો અવશ્ય ભજવે છે પણ તે સામાજિક પરિવર્તન માટે નહીં પણ પોતાની પ્રયોગધર્મીતા પોષવા માટે, રંગભૂમિ ક્ષેત્રે કૈંક નવું કે નોખું કર્યાનો સંતોષ મેળવવા માટે આ પ્રયોગધર્મીઓ દ્વારા ભજવાતાં શેરી નાટકો સાચા અર્થમાં શેરીનાટકો નથી, એવું લેખક નિર્ભિકપણે જાહેર કરે છે. તે જ રીતે સ્વૈચ્છિક સંગઠનો અથવા તો આપણા પ્રવર્તમાન 'સમાજધર્મીઓ' દ્વારા ભજવાતાં શેરીનાટકો નીરસ અથવા બિનઅસરકારક હોવાનું મુખ્ય કારણ એમની નાટકની ભજવણી પ્રત્યેની બેપરવાઈ તથા અણઆવડત હોય છે એમને નાટકના મુદ્દામાં જેટલો રસ હોય છે એટલો ભજવણીની કલા કે તૈયારીમાં નથી હોતો એવું પણ તે દઢપણે ઘોષિત કરે છે.

ગુજરાતમાં 'પ્રયોગધર્મીઓ' અને 'સમાજધર્મીઓ' ખાસ્સા છે પણ 'પરિવર્તનધર્મીઓ' ખાસ છે જ નહીં. 'ક્રાંતિધર્મીઓ'ને તો આપણે ઊગવા જ નથી દેતાં ને એટલે જ ગુજરાતમાં શેરીનાટકનું સ્વરૂપ સાર્થક નીવડી શક્યું નથી, એવું તારસ્વરે લેખકે નોંધ્યું છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી કેવળ ગુજરાતમાં નહીં, ભારતભરમાં શેરીનાટકોની ભજવણીમાં ઓટ આવી છે. તેનાં કારણોની સમીક્ષા કરતાં લેખક કહે છે કે ભારત જેવા વિશાળ દેશમાં અલગ અલગ વિસ્તારોમાં પોતપોતાની રીતે મથતાં શેરીનાટ્ય-જૂથો વચ્ચે આજ સુધી કોઈ કડી પ્રસ્થાપિત થઈ નથી. આ પ્રકારની કડી બની શકે એવા 'કોમન પ્લેટફોર્મ'ની તાતી જરૂર છે. વળી શેરીનાટ્ય-પ્રવૃત્તિ અને સ્વરૂપને કેન્દ્રમાં રાખીને આપણે ત્યાં એકાદ નાનીસરખી પત્રિકા પણ નિયમિત રીતે ચાલતી નથી. સમાજ-પરિવર્તનના ઉદ્દેશથી ચાલતી પત્રિકાઓએ હજુ સુધી આપણા 'શેરીનાટક'ને સમાજપરિવર્તનના અસરકારક શસ્ત્ર તરીકે સ્વીકાર્યું નથી. શેરીનાટક અને એના નાટ્યસ્વરૂપ વિશે સમજ આપનારાં, એને લગતી માહિતી અને અનુભવોનું પ્રસારણ કરનારાં પુસ્તકો પણ ભાગ્યે જ હાથમાં આવે છે. શેરી નાટકોનું સ્વરૂપ મુખ્યત્વે પશ્ચિમી દેશોમાંથી આયાત થયેલું છે. તેમાં પરંપરાથી ચાલતાં આવેલાં આપણાં લોકનાટકનાં તત્ત્વો આમેજ થયાં હોવાં છતાં શેરીનાટ્ય-સ્વરૂપ દેશની પાંસઠ થી સિત્તરે ટકા ગ્રામીણ જનતા માટે એકદમ પોતીકું અને એને હચમચાવી નાંખનારું નથી બન્યું એ નક્કર વાસ્તવિકતાનો લેખકે પૂરી નિખાલસતાથી સ્વીકાર કર્યો છે. એમની આ 'ઈમાનદારી' સ્પર્શી જાય તેવી છે. પાંચમા પ્રકરણમાં શેરીનાટકને લગતાં અન્ય પુસ્તકો-લેખોની વિગતો તેમજ છઠ્ઠા પ્રકરણાં શેરીનાટક સાથે સંકળાયેલાં ભારતભરનાં મુખ્ય મુખ્ય નાટ્યજૂથો અને રંગકર્મીઓની વિગતો આપવામાં આવી છે જે આ પુસ્તકને દસ્તાવેજી મૂલ્ય સંપડાવી આપે છે.

### સ્ટ્રીટ થીએટર

શેરીનાટકના સ્વરૂપની શાસ્ત્રીય ચર્ચા કરીને હિરને અટકી જતા નથી પરંતુ શેરીનાટકની ભજવણી અને શેરી નાટ્યશિબિરો અંગેના પોતાના અંગત અનુભવો વિષેનું એક સ્વતંત્ર પુસ્તક પણ 'સ્ટ્રીટ થીએટર' શીર્ષકથી પ્રકાશિત કરે છે. સંઘર્ષના આ 'સાંસ્કૃતિક શાસ્ત્ર'નો હિરેન ગાંધીએ પોતે કેવી રીતે ઉપયોગ કર્યો અને તેનાથી એમને પોતાને કેવા કેવા ખાટા-મીઠા અનુભવોમાંથી પસાર થવું પડ્યું તેનો સચોટ ચિતાર આપણને આ પુસ્તકમાંથી મળી રહે છે. ઈ૦ ૧૯૮૫ના ડિસેમ્બરની ત્રીજી તારીખે 'ભોપાલ ગેસકાંડ'ની પ્રથમ વરસી નિમિત્તે અમદાવાદના સરસપુર વિસ્તારમાં મિલ-કામદારોના મહોલ્લામાં 'જીવતરનો વેપાર રોકો' શેરીનાટક ભજવતી વખતે પ્રેક્ષકોમાં ઘૂમટો પકડીને ઊભેલી જુવાન બેને જોરથી જે ટોણો માર્યો – 'ભોપાલનું નાટક કરો સો તે... આંય મીલો બંધ પડવા માંડી સે ઈનું નાટક

કરો નં' – તેનાથી પોતાના શેરી નાટકના સાચા મતલબ વિશે કેવો ઝબકારો થયો, અને પોતાનાથી મનોમન કેવું બોલાઈ ગયું. 'આભાર બેન, તારો. ભોપાલનાં ગેસપીડિતોની પીડા તારા ચિત્ત સુધી નથી પહોંચી એમાં વાંક તારો નથી. અમારો છે, અમારા પૂર્વજોનો છે. અમે હાથમાં ક્રાંતિની મશાલ લઈને સભા, સરઘસો, રેલીઓ તો કાઢીએ છીએ પણ તારા ચિત્તના અંધકાર લગી એના અજવાસને નથી પહોંચાડતાં.' તેનો નિખાલસભર્યો એકરાર હિરેન ગાંધીના અંતરની સચ્ચાઈને પ્રગટ કરી આપે છે. ભોપાલ ગેસકાંડની જ વરસી નિમિત્તે જાગૃતિ સપ્તાહના છેલ્લા દિવસે લો ગાર્ડનમાં ભજવાયેલા એ જ શેરીનાટકમાં આવતા ઉદ્યોગપતિ અને રાજનેતાઓ વચ્ચેની સાંઠગાંઠના પ્રસંગને લીધે માજી પ્રધાન અને તત્કાલીન ધારાસભ્યના સગા ભત્રીજાઓએ નાટક કેવું બંધ કરાવ્યું એ પ્રસંગ વિગતવાર વર્ણવી હિરેન ગાંધી પોતે ભજવેલા પ્રથમ શેરી નાટકના આ બંને અનુભવો વચ્ચે રહેલી સમાનતા ચીંધી આપતાં લખે છે, 'પેલી મજદૂર બેન માટે બંધ પડતી મીલોને કારણે એની જિંદગી અને એના વર્ગના અંધકારામય ભાવિનો સવાલ સળગતો હતો અને આ વેપારીઓ માટે રાજનીતિ અને બજાર-ઉદ્યોગો વચ્ચેની સાંઠગાંઠ જનતા સમક્ષ ખુલ્લી પડવાનો સવાલ સળગતો હતો. એ બેનનાં ટોણાંમાં પીડા હતી અને આ વેપારીઓની ગાળાગાળીમાં ડર.' બંને પ્રસંગોનું આવું નાટ્યાત્મક આલેખન પુસ્તકને રસપ્રદ બનાવે છે.

ઈ○ ૨૦૦૧માં આવેલા વિનાશક 'કચ્છ-ધરતીકંપ' પછી વિસ્થાપિતોના પુનર્વસનની સમસ્યાને વાચા આપતા શેરીનાટક 'અંધેરી નગરી'ની ભજવણી પછી ફૂટી નીકળેલો જનઆક્રોશ અને તેને કારણે સરકારે બદલવી પડેલી પુનઃવસનની નીતિ; ઈ○ ૨૦૦૨માં ગોધરાકાંડ પછી મુસ્લિમ સમુદાયની રાહત-છાવણીઓમાં ભજવાયેલા શેરી નાટક 'દિલમાં છે એક આશ'ને લીધે પીડિતોને સાંપડેલી 'મનોચિકિત્સા' અને તેમની લાગણીઓનું અન્ય પ્રકારે થયેલું 'વિરેચન', એ જ નાટકનો અન્ય રાહત છાવણીમાં 'હમારે મઝહબ મેં સંગીત બજાના, નાચના મના હૈ' એમ કહી ખુદ મુસ્લિમોએ કરેલો પ્રતિકાર ને એ રીતે પ્રગટ થતી તેમની પંગુ બની ગયેલી માનસિક ચેતના અને તાર્કિકતા; 'ગુજરાત-૨૦૦૪' શેરીનાટકની, રાજસ્થાનના હરિયાણા રાજ્યની સરહદે આવેલા અલવર વિસ્તારમાં ભજવણી વખતે એ નાટકને શાળા-કૉલેજોમાં રાતોરાત પ્રતિબંધિત જાહેર કરતું સરકારી ફરમાન ને એ ફરમાનને અવગણીને થયેલી તેની હિંમતભેર ભજવણી ઈ○ ૨૦૦૭માં અમદાવાદના જમાલપુર વિસ્તારમાં મુસ્લિમ સમુદાયની બેનો દ્વારા રાત્રે એક વાગ્યા સુધી શેરી નાટકની અવિરત ભજવણી; 'પુરુષસત્તાક સમાજવ્યવસ્થા અને તેનાં મૂલ્યો-વલણો'નો વિષય ધરાવતા શેરી નાટક 'કેલિડિયોસ્કોપિક નાટક'ની ભજવણી વખતે હિંદુત્વવાદી પુરુષ કાર્યકરોનો 'સખત' વિરોધ, પણ પ્રેક્ષકો દ્વારા 'પ્રચંડ' આવકાર. શેરી નાટકની ભજવણી વખતે થયેલા આવા અનેક અનુભવોની સમાંતરે વિવિધ શેરી-નાટ્ય-શિબિરોના અનુભવો પણ નિરૂપાયા છે.

ઈ○ ૧૯૯૫માં જ્યારે પંજાબમાં ખાલિસ્તાની આતંકવાદી આંદોલનનાં વળતાં પાણી શરૂ થઈ ચૂક્યાં હતાં ત્યારે એક તરફ મિલિટરી પોલિસ અને બીજી બાજુ આતંકવાદીઓએ બંનેનો વિરોધ કરતાં જનવાદી નાટકોની ભજવણી માટે યોજાયેલી નાટ્યશિબિરોનો અનુભવ; ઈ○ ૧૯૯૨માં બાબરી ધ્વંસના કારણે ભડકેલી કોમી હિંસા અને તેને લીધે ચરમ સીમાએ પહોંચેલી કોમી તંગદિલીને બંને કોમના શિબિરાર્થીઓએ હળવી કરવા કરેલો પ્રયત્ન; ઈ○ ૧૯૯૮માં દક્ષિણ ગુજરાતમાં ઉનાઈ ગામે આદિવાસી વિસ્તારોમાં મીશનરી ઈસુ સંઘ સંચાલિત જીવનજ્યોત સંસ્થાના ઉપક્રમે યોજાયેલી શેરી-નાટક-શિબિર વખતે આદિવાસી કથા સ્વરૂપ 'માવલી'નો સૂઝપૂર્વકનો વિનિયોગ અને 'સાંપ્રદાયિકતા'ના મુદ્દે ફાધર અને શિબિરાર્થીઓ વચ્ચે ટકરાવ ને છતાંય 'અંધારિયા મલકમાં ફેલાવવામાં આવેલી ઉજાસની માવલી'; ઈ○ ૨૦૦૮ની ૮મી માર્ચે, 'મહિલા-મુક્તિ-દિન' નિમિત્તે ગુજરાતના ડુંગરાળ પ્રદેશમાં આવેલા ઝંખવાવ ગામે 'શાંતિનિકેતન હાઈસ્કૂલ'ના ઉપક્રમે શ્રમજીવી, ગરીબ, અસ્તિત્વ માટે સતત સંઘર્ષરત આદિવાસી સ્ત્રીઓની મુક્તિની ઝંખનાઓને નાટ્ય સ્વરૂપે રજૂ કરવા યોજાયેલી શિબિર વખતે આવું નાટક ભજવવા બદલ પતિ દ્વારા ઢોર માર મારવામાં આવ્યો છતાં નાટક ભજવવા મક્કમ એ આદિવાસી નારીની નાટક ભજવવા

નિમિત્તે પોતાની સ્વતંત્રતાની, પોતાની મુક્તિની જિદને વ્યક્ત કરતો પ્રસંગ; ઈ૦ ૧૯૯૩માં વડોદરા ખાતે ગુજરાત ઈસુ સંઘના તાલીમ કેન્દ્ર 'જીવનદર્શન' સંસ્થાના ઉપક્રમે યોજાયેલ શેરીનાટ્ય તાલીમ શિબિર વખતે આદિવાસી જૂથે કોઈ પણ જાતની તાલીમ વિના આપસૂઝ વડે તૈયાર કરેલું પોતાની બેરોજગારીની વ્યથાને વાચા આપતું શેરી નાટક, ઈ૦ ૧૯૮૭માં સુરત શહેરના આધુનિકીકરણના પ્રારંભિક તબક્કે મજૂરા ગેટ વિસ્તારમાં બસ્તી હટાવવાની તજવીજ શરૂ થતાં વિસ્થાપિતોના પુનર્વસનની સમસ્યા વકરતાં બસ્તી નિવાસીઓને 'ઈમ્પ્રોવાઈઝેશન્સ' દ્વારા આંદોલન માટે તૈયાર કરવાનો અનુભવ, ૧૯૮૬ના વર્ષમાં ઈસરો દ્વારા સંયોજિત શેરી નાટક તાલીમ શિબિરમાં ભાગ લેવા આવેલા કાશ્મીર યુનિટના વિદ્યાર્થીઓમાં પહેલા વરસે જોવા મળેલી કોમી એકતા પછીના વરસે હિન્દુ-મુસ્લિમ અંતિમવાદી સંગઠનોએ કાશ્મીરી તરીકેની ઓળખમાં ઊભી કરેલી તિરાડને લીધે કેવી ઓગળી ગઈ અને હિન્દુ-મુસ્લિમના વાડા કેવા અળગા થઈ ગયા તેનું બયાન કરતો પ્રસંગ; અને પુસ્તકના અંતે 'સેન્ટ ઝેવિયર્સ કૉલેજ' દ્વારા ઈ૦ ૧૯૯૨માં આયોજિત 'વિજ્ઞાન મહોત્સવ'માં આદિવાસી યુવાનોએ રજૂ કરેલા શેરી નાટકે વિકસિત માનવસભ્યતાની ત્રણ તાકાતો – બળ, બુદ્ધિ અને ધન – પોતાનાં સ્વાર્થ અને હિતોના વિકાસ માટે 'વિજ્ઞાન'ને કેવું બંદી બનાવી મૂકે છે તેનો આબેહૂબ ચિતાર આપી બાળકોની વિજ્ઞાનસંબંધી ગતિવિધિઓ, કવાયતો સામે કેવો મૂળગત પ્રશ્નાર્થ ખડો કરી દીધો તેનું બયાન કરતો પ્રસંગ – શેરી નાટ્ય તાલીમ શિબિરોના આવા અનુભવોના સચોટ નિરૂપણને લીધે 'સ્ટ્રીટ થિએટર' પુસ્તક પણ સવિશેષ નોંધનીય બન્યું છે. શેરી નાટકના 'સિદ્ધાંત' (થિયરી) અને 'પ્રયોગ'(પ્રેક્ટીસ) એમ બંને પાસાંઓને આવરી લેતાં આવાં બે સ્વતંત્ર પુસ્તકો આપીને હિરેન ગાંધીએ પોતે 'શાસ્ત્ર' અને 'શસ્ત્ર' બંને ઉપર સરખો કાબૂ ધરાવતો હોવાની પ્રતીતિ કરાવી છે. આવા 'સવ્યસાચી'ને સલામ!

□□□

## આ અંકના લેખકો

| | | |
|---|---|---|
| **જગદીશ ગૂર્જર** | : | ૨૬, રામનગર સોસાયટી, અંકલેશ્વર ૩૯૩૦૦૧ □ 94283 21621 |
| **સંધ્યા ભટ્ટ** | : | 'સ્નેહલ', પ્રજાપતિ વાડી સામે, ગાંધી રોડ, બારડોલી ૩૯૪૬૦૧ □ 98253 37714 |
| **રમણીક સોમેશ્વર** | : | સી-૨, સંસ્કૃત ટેનામેન્ટ્સ, સી. એચ. વિદ્યાલયની સામે, ગોત્રી, પો. સુભાનપુરા, વડોદરા ૩૯૦ ૦૨૩ □ 94293 42100 |
| **મહેશ ચંપકલાલ** | : | ૬૧ વૃંદાવન હાઉસિંગ સ્કીમ, આયુર્વેદિક કૉલેજ રોડ, પાણી દરવાજા બહાર, વડોદરા ૩૯૦ ૦૧૪ □ 93742 34574 |
| **ચંદ્રકાન્ત ટોપીવાળા** | : | ડી-૬, પૂર્ણેશ્વર ફ્લેટ્સ, ગુલબાઈ ટેકરા, આંબાવાડી, અમદાવાદ ૩૮૦ ૦૧૫ □ 079 26301721 |
| **હિમાંશી શેલત** | : | સખ્ય, ૧૮, મણિબાગ, અબ્રામા, વલસાડ ૩૯૬ ૦૦૭ □ 93758 24957 |
| **અરુણા જાડેજા** | : | એ-૧, સરગમ ફ્લેટ્સ, ઇશ્વરભુવન રોડ, સરદાર પટેલ સ્ટેડિયમ, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯ □ 94283 92507 |
| **કિશોર વ્યાસ** | : | ૬, મહેતા સોસાયટી, સ્કૂલ સામે, કાલોલ (પંચમહાલ) ૩૮૯ ૩૩૦ □ 99247 35111 |